દસાસોરઠીયા વાણીઆ
જ્ઞાતીનો ધારો

૪૩૫૯

દશા સોરઠીઆ વાણીઆ

જ્ઞાતીનો ધારો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

સોરઠીઆ જ્ઞાતીનું સર્વ મહાજન

અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રીન્ટીંગ અને

જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના

પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

પ્રસ્તાવ ॥.

ગ્રંથાકારમાં ગુંથાએલા સર્વે જ્ઞાતિ ભાઇ-
ઓને જાણીતો છીએ, કે દરેક વ્યવહારી કામ
જેવાં કે વેશવાળ, સમુરતુ, લગન, આણાં, અ-
ધરણી, મરણાન સમય અને બીજાં સર્વે જ્ઞા
તીને સાધારણ રીતે સરખીપણે લાગુ પડતાં
સર્વે કામ કાંઇપણ નિયમ કે ધોરણસર નહીં
થવાથી દરેક વખતે પુર્ણ ગુંચવાડામાં આણ-
નારાં તથા કલહ ઉત્પન્ન કરનારાં થાયછે.
આવી બાબતોપર આપણી જ્ઞાતીમાં સર્વ
માન્ય ધોરણ કે નિયમ નહીં હોવાથી સર્વ
કોઇ મનસ્વી રીતે વર્તતા હોવાથી સારા માઠા
દરેક પ્રસંગે તકરારો મમત, વિરોધ અને પ-
રીણામે કુસંપ થઇને અનેક આપદાઓ વેઠવી
પડેછે. આવા પ્રસંગો ઉપર લેવડદેવડનું કામ
વગર નિયમે ચાલવાથી કેટલાંએક ગરીબ
કુટુંબો પાયમાલ થાયછે, કેટલાંકને કન્યા મ-
ળી શકતી નથી તથા શ્રીમંતોને પણ ચર-
સાયરસી જેવા વખતમાં બહુ બહુ સોસવું
પડેછે, એ આપણે અનુભવ સાથે માનીએ

છીએ જમાનાને અનુસરી આવી બાબતો માટે કેટલીએક જ્ઞાતીએ સરલ ધારા કરેલા છે; તો તેથી તેમની અણધારી આ ચણો ઓછી થઇ છે, ત્યારે આપણે પણ આપણી જ્ઞાતિના હીતને માટે ... ધારો પ્રસીદ્ધ કરવાની જરૂર પડી. આ ધારાની શરૂઆત શી રીતે અને કયાંથી થઈ તે પણ જણાવવાનું આ પ્રસંગે વીસારી મુકવું જોઇતું નથી.

આપણી જ્ઞાતીનું મુખ્ય મથક જે કે બગસરા છે; ત્યાંખાતે મા. રામજીભાઈ કાહાનજી તથા કામદાર ...ચંદભાઈ હરિભાઈની આગેવાની અને ચાહનાથી આ ધારા થવા માટે તળ બગસરામાં ત્યાંના સોરઠીઆ મહાજનમાં દરખાસ્ત મુકાણી; જે ઉપરથી બહુ મતે જ્ઞાતીનો ધારો થવાની જરૂર જણાતાં તેપર દેશાવરના મહાજનોના અભિપ્રાય મંગાવ્યા. દેશાવરના મહાજનોએ ધારો થવા બાબત પૂર્ણ સંતોષ સાથે ચાહના બતાવી. આ પ્રમાણે ધારો કરવા ઠરાવ થયો પરંતુ તે એક ગૃહસ્થના વિચારપર બની શકે નહીં પણ જુદા જુદા લત્તાના મહાજનોના સમુહ વિચાર સાથે થવો

જોઇએ; ત્યારે દેશાવરના સર્વ મહાજનને કયે સ્થળે બોલાવવા, શા રીતે બોલાવવા અને એકઠા થએલા મહાજનની ખાવાપીવા તથા ઉતારા વગેરેની બરદાસ શી રીતે કરવી તેમજ આના સંબંધમાં પેસારાનું જે ખર્ચ થાય તે કયાંથી આપવું વગેરે બાબતમાં વિચાર ચાલતાં જ્યારે બીજી કાંઈ ગોઠવણ ન થઈ શકી ત્યારે આવા શુભ કામમાં જેટલું ખર્ચ થાય તે મા. કાનજી ભાણજી તથા કામદાર હરિ લવજીના તર્ફથી આપવા: કુળ દીપક મા. રામજીભાઈ કાનજીએ તથા કામદાર મુળચંદ હરિભાઇએ ઉલટ બતાવી. દેશાવરના સર્વ મહાજનો તર્ફ કંકોતરીઓ મોકલી સંવત ૧૯૪૬ના મહા સુદી પાંચમે બગસરામાં આવવાનું આમંત્રણ તેમણે ઘણા માન સાથે કર્યું. બહાર ખાતાના મહાજન તર્ફના ૭૦૦ માણસ આવેલાં જેમને તેર દિવસસુધી રોકી સારો સત્કાર કરી તેમનાં દીલ રંજન કર્યાં. આ મુદત્ત દરમીઆન સર્વ મહાજને મળી ઘણી ઘણી અડચણો તથા બહુ બહુ વાંધા પતાવી સર્વાનુમતે આ ધારા તૈયાર કર્યા.

આ કાર્યનું કારણ ઉપર પ્રમાણે જણાવી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે ગરીબ, શ્રીમંત તથા સાધારણ સ્થિતીના કુટુંબને અનુકુળ આવે એવા પ્રકારના સર્વાનુમતે તૈયાર કરેલા આ ધારા પુરી આસ્થા સાથે પાળવાની સર્વને પ્રીતી રહો.

દશા સોરઠીયા વાણિઆની જ્ઞાતિનો ધારો.

સંવત ૧૯૪૬ના મહા શુદી ૫ શનીવારના રોજ દશા સોરઠીયા વાણિયાની જ્ઞાતીનો ધારો બાંધવા વાસ્તે બગસરા નીવાસી લાયક અને વિવેકી શેઠ રામજીભાઈ કહાનજી તથા કામદાર મૂળચંદ હરિભાઇના ઉમંગી આમંત્રણથી દેશાવરનું તમામ મહાજન બગસરા મુકામે એકઠું થતાં નાતની સ્થિતિ વિગેરે બાબતો ઉપર ધ્યાન રાખી તજી બગસરા તથા દેશાવરના મહાજને જ્ઞાતિના લાભ સારૂ સર્વાનુમતે જે ઠરાવ કર્યા. તે નીચે પ્રમાણે.

પ્રારંભ વિષય.

૧ આ દશા સોરઠીયા વાણિયાની જ્ઞાતિનો આચાર વ્યવહાર ઘણી રૂડી રીતે ચલાવવા સારૂ એક સામાન્ય ધારો બાંધવાની જરૂર છે.

૨ આ ધારાનું નામ "દશા સોરઠીયાવાણિઆની જ્ઞાતિનો ધારો" એવું નામરાખવું.

૩ આ ધારો સંવત ૧૯૪૬ના મહા સુદ ૧૫ પછી અમલમાં આવશે.

૪ આ ધારો અમલમાં લાવવા નીચે પ્રમાણે તાલુકા ઠરાવવામાં આવે છે.

૧ બગસરા, ૨ બાબરા, ૩ સરધાર, ૪ દડવા, ૫ કોટડાપીઠા, ૬ કોટડા સાંગણી, ૭ ખીલોરી, ૮ વીશાવદર, ૯ જેતપુર, ૧૦ રાજકોટ, ૧૧ રામોદ, ૧૨ રાજપરૂ, ૧૩ ગોંડળ, ૧૪ અમરેલી, ૧૫ ઢાંકજ, ૧૬ ઉપલેટા, ૧૭ કુતીયાણા, ૧૮ ભાયાવદર, ૧૯ જુનાગઢ, ૨૦ ઢાંક, ૨૧ વંથળી, ૨૨ મેંદરડા, ૨૩ ધોરાજી, ૨૪ નવાનગર, ૨૫ ખંભાળીયા, ૨૬ જોડીયું, ૨૭ પોરબંદર, ૨૮ માંગરોલ, ૨૯ દીવ ૩૦ ભાવનગર, ૩૧ મહુવા.

૫ ઉપર લખ્યા તાલુકાને લગતા ગામોની જ્ઞાતી સંબંધી તકરારનો ફેંસલો કરવાને તે તાલુકાને અધિકાર છે.

૬ આ ધારામાં જે જે કલમની કસુર કરવા બદલ દંડની રકમ ઠરાવી છે તે વસુલ લેવા તે તાલુકાનો હકછે.

૭ આ ધારો અમલમાં આવ્યા પહેલાં રૂપિઆ આપવા લેવાનો જે જે ઠરાવ થએલછે તેને આ ધારાથી પ્રતિબંધ નથી.

બાબ ૧ લો.

વેશવાળ બાબત.

હાંસડીના રૂપિઆ લેનારે સગપણ વખત હાંસડીના રૂ૧૨૫) સવાસો સુધી નાના વેશવાળમાં લેવા.

વીરૂદ્ધ ચાલનારનો રૂ૨૦)વીશ દંડ કરવો.

૯ મોટાં વેશવાળમાં હાંસડીના રૂપિઆ લેનારે હાંસડીના રૂ૨૦૦)બસો સુધીલેવા.

દસ વરસ કરતાં વધારે ઉમરની કન્યા હોય તો મોટું વેશવાળ ગણવું, અને તેની અંદર ઉમર હોય તો નાનું વેશવાળ ગણવું.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૨૦)વીસ દંડકરવો.

૧૦ વેશવાળ વખત "કેળવણીફંડ" એટલે આપણી જ્ઞાતિના ગરીબ અગર રાંડીરાંડના છોકરાંને ભણાવવાના કામમાં મદદ કરવા બાબતનો રૂ૧) એક લેવો.

બાબ ૨ જો.

સમુરતા બાબત.

૧૧ નાળિએરના વેશવાળમાં સમુરતુ પરણ-

તાં સુધીમું ૩૨૫૦) અઢીસો સુધીનું કરવું.

૧૨ હાંસડીના નાંના વેશવાળમાં પરણતાં સુધીમાં ૩૧૫૦) દોઢસોનું અને મોટા વેશવાળમાં ૩૨૦૦) બસો સુધીનું સમુરતુ કરવું વિરૂદ્ધ ચાલનારને ૩૫) પાંચ દંડ કરવો.

૧૩ સમુરતામાં લૂગડાં વીગેરે નીચે પ્રમાણે આપવું.

ઘાઘરા રેશમી ૨ બે, કનેરીબંધ ચુંદડી એક, કિનખાબની કાપડી રેશમી ઓઢણી, ઓઢણી ન આપેતો ૩૮) આઠ રોકડા, ૩૫)પાંચ વેવાણ બીડાના, ૩૨)બે ચુંદડીને છેડે ૩૨) બે હાથમાં, ૩૧) એક સુખડીનો કુલ ૩૧૦) દસ.

દ્રાક્ષ, કંકુ વીગેરેના પાંચપડા દરેક શેર ૧ ના. કન્યાની ઉમર પાંચ વરસની થયા પછી સમુરતું કરવું.

૧૪ સમુરતા વખત હવેલી, મહાજન વીગેરે બાબતગામગામના દસ્તુરપ્રમાણેઆપવું.

૧૫ સમુરતા વખત "કેળવણી ફંડ" એટલે ભણાવવાના કામમાં છોકરાઓને મદદ

કરવા બાબતનો રૂ૧) એક આપવો.

૧૬ સમુરતા વખત પહેરામણીમાં સાડલો એક, ચુંદડી એક જમાઇને મદ્રાશીનો ફેંટો લીલા છેડાવાળો, રૂ૨) બે રોકડા આપવા. તેમાંથી કોરી ૧ છાબમાં પાછી મૂકવી.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૧।) સવા દંડ.

૧૭ સમુરતા વખત ભાતાની થાળીમાં રૂ૦।) પા મૂકવો.

૧૮ સમુરતા વખત માણસ વધારેમાં વધારે આઠ સુધી, ગાડું એક ઘોડું એક એ પ્રમાણે લાવવાં.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૫) દંડ.

૧૯ સમુરતા વખત આશરા ગોરને રૂ૦।) અને હજામને રૂ૦॥ આપવો.

બાબ ૩ ત્રીજો.

લગન બાબત.

૨૦ નાળિએરના વેશવાળ હોય તો પરણતા વખત નાતારીતના રૂ૭૨, બોતેર. અને નાના સમુરતાના રૂ૪૮) અડતાળીશ મળી કુલ રૂ૧૨૦) એકસોવીશ લેવા.

આથમણી તરફ રૂ૫૧) એકાવન લેવાય છે તે પ્રમાણે લેવા.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૧૦)દસ દંડ કરવો.

૨૧ પોતાની હોંશથી નાતા રીત લેવાની માં- ડવાવાળાની મરજી ન હોય તો તે બાબ- તમાં તેને કાંઈ પ્રતિબંધ નથી.

૨૨ નાનું વેશવાળ કર્યું હોય તો વેશવાળ વખત હાંસડી લેનારે પરણતી વખત રૂ. ૧૨૫)સવાસો લેવા. મોટું વેશવાળ કર્યું હોય તો હાંસડી લેનારે પરણતી વખત ૧૨૦૦) સુધી લેવા.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૧૦)દસ દંડ કરવો.

૨૩ ઉપર જણાવેલા પરણતી વખત લેવાતા રૂપિઆમાંથી રાતના દાદના રૂપિઆં વા- ળી આપવા.

૨૪ નાળિએરનું વેશવાળ હોય, માંડવાવા- ળો શક્તિવાળો હોયતો લગ્ન વખત જાનમાં માણસ વધારેમાં વધારે ૪૦ ચા- લીશ સુધી ગાડાં ૪ ઘોડાં ૪ એ પ્રમાણે લાવવાં વિરૂદ્ધ ચાલનારનો રૂ૧૦)દસદંડ.

૨૫ હાંસડીનું વેશવાળ હોય તો પરણતી વખત જાનમાં માણસ વધારેમાં વધારે

૨૦ વીશ સુધી ગાડાં ૧થી ૨ ઘોડાં ૨ એ પ્રમાણે લાવવાં.

૨૬ લગ્ન વખતે વરબેડીયાંમાં રૂ ૦॥) નાથ જલામણ રૂ૧) એક, કલવામાં રૂ૨) બે, જુવારમાં રૂ૧) એક, ચુંદડીને છેડે રૂ૨) બે ખોળામાં રૂ૨) બે, અને પાંચશેર મીઠાઇ, ગાડે બેઠેલ છોકરાને રૂ૧) એક કુલ સાડાનવ. લાજે ઉઘેડામણ આપવું નહિ.

૨૭ ઘરમાં બેસવાનો ચાલ કાઢી નાંખી તેને બદલે નીચે પ્રમાણે માંડવાવાળાને આપવાનું ઠરાવવામાં આવે છે.

તે બાબતની સોપારી શે. ૫ પાંચ એળંચી શે. ૦ા લવીંગ શે. ૦ા અને રૂ૧) એક રોકડો આપવો.

૨૮ લગ્ન વખત વરણામાં નીચે પ્રમાણે લાવવું સાડલા ત્રણ તેમાં રેટા એક મદ્રાસીનો કનેરી બંધ, એક રેશમી અને એક ઘરચોળું. કમખા ચાર તેમાં બે રેશમી અને બે કિમખાબના. રેશમી ચણીયો એક ખારેક શેર ૧૦) દસ. પડા પાંચ દરેક શેર ૧ા સવાનો ટોપરાના

વાડકા વીગેરે દસ્તુર પ્રમાણે. વરણાની છાબમાં રૂ૦ાા માંડવાવાળાએ મૂકવો વરણામાં ઘરેણું જાનવાળાની શકિત પ્રમાણે લાવવું તે બાબત માંડવાવાળાએ કાંઇ બોલવું નહિ.

૨૯ જુવાર તથા વીંટીદાણાના રૂપિઆ માંડવાવાળાએ જાનવાળાને પાછા આપવા.

૩૦ લગ્ન વખત પહેરામણીમાં સાડલા ૨ બે. ચુંદડી એક લીલીખાલ એક વરને પાઘડી તારાળી રૂ૫) પાંચ રોકડા.

૩૧ લગ્ન વખત કેળવણી ફંડ ખાતે રૂ૨) બે આપવા.

૩૨ લગ્ન વખત આશારા ગોરને રૂ૦ાા અને હજામને રૂ૧) એક આપવો.

૩૩ કુંભારને ચોરી બાબત તેમજ રાતના અને દિવસના શ્રીફળ વેવરામણ વીગેરે તમામ બાબતના રૂ૨) બે જાનવાળાએ આપવા.

૩૪ હજામને રાતના શ્રીફળ બાબતનો રૂ૦ ાા આપવો.

૩૫ ચોરીયા કરમાવા જતાં વરને ધોતીયું માંડવાવાળાની શકિત પ્રમાણે આપવું.

૩૬ વરને છેડા ઝલામણ આપવું નહિ, તેમજ ચાંદલા કરામણ લેવું નહિ.

૩૭ જાનને ખર્ચે સાત આપવાં તેમાં પાંચ મીઠાઇનાં અને બે હાળ ભાતનાં.

ગાડાંવાળા પસાયતાને શીરામણી દૂધ ચોખાની આપવી.

૩૮ લગ્ન વખત મહાજન, દરબારી હક વીગેરે ગામ ગામના દસ્તુર પ્રમાણે આપવું.

૩૯ લગ્ન વખત વરનું નાક તાણવાનો ચાલ બંધ કરવામાં આવે છે.

કાપડી ભુસવાનો ચાલ જે કજીયાનું કારણછે તે ખરાબ ચાલ કાઢી નાખવામાં આવે છે.

સંબોળ છાંટવાનો ચાલ બંધ કરવામાં આવે છે.

વરના વાંસામાં પાપડ ભાગવાનો ચાલ બંધ કરવામાં આવે છે.

જાનવાળાએ માંડવાવાળાની કાંઈ ચીજ લેવી નહિ.

વરની વાણી સંતાડવાનો ચાલ બંધ કરવામાં આવે છે. આ કલમથી વિરૂદ્ધ ચાલનારનો દરેક બાબતનો રૂ૧ દંડ.

૪૦ જાનવાળા વરોઠી કરેતો નાતમાં જે હ-
મેશાં સાથે જમતા હોય તેનેજ જમાડ-
વાં. અન્ય વર્ણને જમાડવાં નહિ.
વિરૂદ્ધ ચાલનારનો રૂ૫) દંડ.
વરોઠી બાબતના લાડવા માંડવાવાળા-
એ લેવા નહિ.

૪૧ વરોઠી કરનારે કેળવણી ફંડ બાબતના
રૂ૫) પાંચ આપવા.

૪૨ વાસણનું લાણું કરે તો નાતમાં જે હ-
મેશા સાથે જમતા હોય તેને ત્યાંજ લા-
ણું આપવું.

૪૩ માંડવે આવેલ નોતરને ઘરદીઠ લાણું
આપવું.
માંડવાવાળાની બેન દીકરી વીગેરે જે
ન આવ્યાં હોય તે બાબતનાં પાંચ લા-
ણાં માંડવાવાળાને આપવાં.

૪૪ વાસણનું લાણું કરનારે રૂ૨) બે કેળવ-
ણી ફંડ બાબતના આપવા.

૪૫ લગ્ન વખત ચડેલુ ઘરેણું તમામ વર-
વાળાને પાછું આપવું.

૪૬ લગ્ન લાવનારને રૂ૧ાા) દોઢ આપવો તે
દાપામાંથી વાળી લેવો.

બાબ ૪ ચોથો.

આણા બાબત.

૪૭. લગનના આંણામાં માણસં વધારેમાં વધારે આઠ સુધી ગાંડું ૧, ઘોડું ૧ એ પ્રમાણે લાવવાં.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૧।) દંડ.

૪૮. લગનના આંણામાં ખર્ચ ચાર મીઠાંઇના અને ત્રણ દાળભાતનાં આપવાં.

૪૯ લગનના આણામાં આશરાગોર, તથા હજામને જાનવાળાના કરતાં અરધ આપવું.

૫૦ ભાતાની થાળીમાં રૂ૦। મૂકવો.

૫૧ પહેલા આણામાં માણસ વધારેમાં વધારે આઠ સુધી ગાડું ૧ ઘોડું ૧.

વિરૂદ્ધ ચાલનારનો રૂ૧ દંડ.

૫૨. પહેલાં આણામાં ખર્ચ ચાર મીઠાઈનાં અને ત્રણ દાળ ભાતનાં.

૫૩ પહેલા આણામાં જુવાર ફકત ઘરધણીને ત્યાંજકરાવવો.બીજે ઠેકાણેકરાવવોનહી.

૫૪ કરીયાવરમાં જાલ, કાળીયું કે ઝરમર એ ત્રણમાંથી કોઈ પણ એક દાગીનો કરે તો વેળીયાના દાદના રૂ૧૦) દસ આપ-

વા. કાંઇનકરેતો બિલકુલ આપવું નહિ.

૫૫ પહેલા આણામાં શીવડામણ બાબતના કરીયાંવરનાપ્રમાણમાં રૂ૪)સુધીઆપવા.

૫૬ પહેલા આણા વખત પહેરામણીમાં સાડલો એક લીલી ખાલ ૧ ચુંદડી ૧ અને રૂ.૨) રોકડા.

૫૭ આણાના નીવેદ બાબતના રૂ૨)આપવા.

૫૮ શીવડામણ તથા વેળીયાના દાદ આથમણીતરફ લેવાતા નથી તેમણેનલેવા.

બાબ ૫ પાંચમો.

અધરણી બાબત.

૫૯ અધરણી વખત માણસ વધારેમાં વધારે આઠ સુધી ગાડું ૧ ઘોડું ૧, વિરૂદ્ધ ચાલનારનો રૂ૧) દંડ.

૬૦ અધરણી વખત ખર્ચ ચાર મીઠાઇનાં અને ત્રણ દાળ ભાતનાં આપવાં.

૬૧ અધરણીમાં શક્તિ પ્રમાણે લૂગડાં દાગીના લાવવા તે સિવાય નીચે પ્ર. આપવું. સાસુને સાડલો, નણંદને કમખો અને તમામ બાબતના મળી રૂ૫) પાંચરોકડા.

૬૨ નીવેદના રૂ૨) બે આપવા.

बाब ६ छट्ठो.

અવશાન બાબત.

૬૩ દાડામાં ખર્ચે પાંચ આપવાં તેમાં ત્રણ મીઠાઇનાં અને બે દાળ ભાતનાં.

૬૪ પચીશ વરસની અંદરના સ્ત્રી કે પુરૂષ ગુંજરીજાયતોતેનું કારજ(દાડો)કરવોનહિ. સ્નાન આવે તેનેજ કાગળ લખવા. કાણે આવનારને રોટલા દાળ આપવા.

૬૫ વેશવાળ થયા પછી અને લગ્ન થયાં પહેલાં વરનું ભવિષ્ય થાય તો લીધેલા રૂપિઆનો અરધભાગ કન્યાવાળાએ વરવાળાને બીજી વખત વેશવાળ કરતી વખત પાછો આપવો.

વિરૂદ્ધ ચાલનારનો અરધ રૂપિઆ પાછા અપાવવા ઉપરાંત રૂ૧૦) દંડ કરવો.

૬૬ વેશવાળ થયા પછી અને લગ્ન થયા પહેલાં કન્યાનું ભવિષ્ય થાય તો લીધેલા રૂપિઆ આપવા નહિ.

૬૭ વેશવાળ થયા પછી અને લગ્ન થયાં પહેલાં વરકે કન્યા બેમાંના કોઇનું પણ

ભવિષ્ય થાય તો સમુરતામાં ચડેલું ઘરેણું તમામ પાછું આપવું.

વિરૂદ્ધ ચાલનારને ઘરેણું પાછું અપાવવા ઉપરાંત રૂ૧૦) દસ દંડ.

૬૮ લગન થયા પછી બાઇનું ભવિષ્ય તેને પીએર થાય તો તેના સાસરાના ઘરનાં લૂગડાં ઘરેણું, કરીયાવરનાં લૂગડાં દાગીના વીગેરે તમામ બાઇના સાસરાવાળા તરફ પાછું આપવું.

વિરૂદ્ધ ચાલનારનો તમામ પાછું આપવા ઉપરાંત રૂ૧૦) દસ દંડ.

૬૯ કરીયાવર દાન તરીકે આપવામાં આવે છે માટે કરેલો કરીયાવર પાછો લેવો એ નિષેધ છે. જેથી કરીયાવર પાછો લેવાનો ચાલ કાઢી નાખવામાં આવે છે.

૭૦ લગન થયા પછી બાઇનું ભવિષ્ય તેને પીએર થાય તો દાડા ખાબસના રૂ૨૦) વીશ બાઇના સાસરાપક્ષવાળાએઆપવા.

૭૧ લગન થયાં પછી વરનું ભવિષ્ય થાય. કાંઇ છોકરૂં ન હોય તેમજ મિલ્કત મજીયારી હોય તો વિધવા બાઇને પોતાની સાથે રાખવી જોઇએ. પરંતુ સાથે

ન રાખે તો તેને રહેવાને એક ઘર અને દર માસે રૂ૩) ત્રણ આપવા,

૭૨ કારજ અવસરે કાણે આવનાર પુરૂશે બાઈ માણસ સાથે કોઈ મળવાનો ચાલ બંધ કરવામાં આવે છે.

૭૩ કારજ અવસરે વેવાહીને મોળીયા બાબતના રૂ૨) બે રોકડા અગર તેટલી કીંમતનું લુગડું મોકલવું. દાડા ઉપર આવનાર મેમાનને ભાતુ ગર દીઠ આપવું.

બાબ ૭ સાતમો.

પરચુરણ બાબત.

૭૪ વહુએ સાસરા અગર જેઠની પગચંપી કરવાનો નીચ ચાલ કાઢી નાખવામાં આવે છે. વિરૂદ્ધ ચાલનારનો રૂ૨૫)દંડ.

૭૫ લગન થયા પછી બાઇના સાસર પક્ષની મરજી વગર તેના માવીતરે બાઇને પોતાને ઘેર રાખવી નહિ. (વિરૂદ્ધ ચાલનારનો રૂ૨૫) પચીસ દંડ તેમ છતાં નમોકલેતો યોગ્યવિચારકરવો.

૭૬ બાઇના સાસરા તરફના દુઃખનાં કારણથી તેના માવીતર જો ન મોકલતાં હોય તો દુખ ન આપવાના જામીન લઈ મહાજને બાઇને તેને સાસરે મોકલવી.

૭૭ લગ્ન થયા પછી બાઇને તેના સાસરા તરફના પોતાને ઘેર ન તેડતા હોય તો તેડવાને માટે મહાજને તાકીદ કરવી. વિરૂદ્ધ ચાલનારનો રૂ૧૦) દસ દંડ. તેમ છતાં ન માને તો યોગ્ય વિચાર કરવો.

એક સ્ત્રી જીવતી છતાં બીજી સ્ત્રી કરે તો આગલી સ્ત્રીને પણ સાથે રાખવી જોઇએ. સાથે ન રાખે તો તેના નિર્વાહને માટે દરમાસે રૂ૪) તથા રહેવાનું ઘર આપવું.

વિરૂદ્ધ ચાલનારનો બાઇને ચડેયો દરમાયો અપાવવા ઉપરાંત રૂ૫) પાંચ દંડ કરવો. આ પ્રમાણે ન માને તો યોગ્ય વિચાર કરવો.

૭૮ એક બાઇડી જીવતી છતાં બીજી કરે અને તેમાં જે સ્ત્રીને પોતાની સાથે ન રાખે તેને છોકરાં હોય તો તેને ઉપર જણાવેલ રૂ૪) ચાર દરમાસે આ-

પવા ઉપરાંત દરેક છોકરાં દીઠ છોકરાં લાયક ઉમરનાં થાય ત્યાં સુધી દરમાસે રૂ૨) બે વધારે આપવા.

૭૯ વિધવા બાઇએ તેના સાસરામાંજ રહેવું. સાસરામાં ન રહે અને તેને પીએર રહે તો તેને મળતો દરમાયો લેવા તેનો બિલકુલ હક નથી.

૮૦ વિધવા બાઇની ચાલ બદચાલ માલુમ પડે તો તેને મળતો દરમાયો બંધ કરવો.

૮૧ વિધવા બાઇનું ઘરેણું તમામ બાઇપાસે રહેવા દેવું.

૮૨ એક સ્ત્રી જીવતી છતાં બીજી સ્ત્રી કરેલ હોય તે પૈકી જે સ્ત્રીને જુદી રાખવામાં આવી હોય તેની ચાલ બદ ચાલ છે એવી મહાજનને ખાત્રી થાય તો તેને મળતો દરમાયો બંધ કરવો.

૮૩ નાતમાં નાતં જમતી વખત નાતના મુખ્ય ગૃહસ્થોએ હાજર રહેવું અને બગાડ ન થવા ધ્યાન રાખવું.

૮૪ નાતમાં જમતી વખત જોઇએ તેટલું પીરસવું તેમજ પીરસાવવું અને બગાડ ન થાય તેમ કરવું.

૮૫ નાતમાં જમવા બેસનાર તેમજ પીરસ-
નારે ફકત ધોતીયું અને ઓઢવાનાં લૂ-
ગડાં શિવાય બીજું લૂગડું રાખવું નહિ.

૮૬ ગેર ચાલ ચાલનારને તેની ચાલ સુધા-
રવા મહાજને તાકીદ આપવી. છ છ
માસની મુદતે ત્રણ વખત તાકીદ કર્યા
છતાં પોતાની ચાલ ન સુધારે તો તે
બાબત મહાજને યોગ્ય વિચાર કરવો.

૮૭ સ્મસાન બીડી કે હુક્કો પીવો નહિ.
વિરૂદ્ધ ચાલનારનો રૂ૧ દંડ.

૮૮ બેઅદબી ફટાણાં ગાવાં નહિ.
વિરૂદ્ધ ચાલનારનો રૂ૧ દંડ.

૮૯ જાનમાં બાઇડીઓને લાવવી નહિ.

૯૦ વાણિયા સિવાયની અન્ય વર્ણની ચલમ
કે ગડાકુ પીવી નહિ.
વિરૂદ્ધ ચાલનારનો રૂ૧ દંડ.

૯૧ એક ઠેકાણે વેશવાળ કરેલી કન્યા બી-
જે ઠેકાણે આપે તો આપનાર અને લે-
નાર બંને સાથેનો જ્ઞાતિ વ્યવહાર તેના
જીવત પર્યંત બંધ કરવો. પણ વેશવાળ
કર્યા પછી વાઇ કે પતનો રોગ થાય અ-

ગર શરીરના અવયવથી ખોડવાળો વર થાય તો તેને ન પરણાવતાં બીજે પરણાવવા મહાજને કન્યાના બાપને છુટ આપવી.

૯૨ લાયક ઉમર થયા છતાં કન્યાના મીબાપ લગ્ન કરવામાં ઢીલ કરે તો તે બાબત તેને તાકીદ કરવી. તાકીદ કર્યા છતાં લગ્ન ન કરે તો યોગ્ય વિચાર કરવો.

૯૩ લાયક ઉમરની કન્યા થયા છતાં વરવાળા લગ્ન ન કરે તો મહાજને વરવાળા તરફ તાકીદ કરવી.

૯૪ લગ્ન કે એવા બીજા શુભ પ્રસંગમાં થાપા દેવા તે કંકુમાં પાણી ભેળી દેવા. કંકુમાં તેલ નાખવું નહિ.
વિરૂધ ચાલનારને રૂ ૧ા દંડ.

૯૫ દશરાં લગ્ન થતાં સુધીમાં ફકત એક વખત મોકલવી તારાળી ચુંદડી અને પાંચશેર મીઠાઈ.

૯૬ હારડો લગ્ન થતા સુધીમાં એક વખત મોકલવો તેમાં તારાળી પછેડી અને અઢીશેરનો ખાંડનો હારડો.

૯૭ રાતી જગો મોકલવાનો ધારો કાઢી ના-
ખવામાં આવે છે.

૯૮ મામાટલું ઉપાડતાં કોરી એક માંડવા-
વાળાને અાપવી.
વીવાહ, સમુરતુ, આણુ, અને કારજમાં
મેમાનનાં ગાડાં, ઘોડાં આવે અને ની-
રણ, ખાંણમાં તકરાર થાય તો દર ગા-
ડે ૧૦ દસઆના તથા મોટા ઘોડાને
૬ છ આના તથા નાના ઘોડાને ૩૦।)
ચાર આના દર રોજના આપવા.

બાબ ૮ આઠમો.

કેળવણી બાબત.

૯૯ આપણી જ્ઞાતિમાં વિદ્યાનો પ્રસારઘણો
ઓછો છે અને નાતની ચડતી થવા વિ-
દ્યાની જરૂર છે સબબ તે વાત ઘણી અ
ગત્યની જાણી નીચે પ્રમાણે ઠરાવ કર-
વામાં આવે છે.

૧૦૦ પાછળ જણાવેલી કલમમાં ગરીબને ભ
ણાવવાના કામમાં મદદ કરવા સારૂ
વેશવાળ, લગ્ન, વરોડી, લાણું વગેરે

ઉપર જે રકમ લેવાનું ઠરાવ્યું છે તે વસુલ લેઈ દરેક ગામના મંહાજને કેળવણીનું એક જુદું ખાતુ રાખી તેનો હિસાબ રાખવો. અને તે બાબુત જે રકમ આવે તે તે ખાતે જમે કરી ખર્ચ થાય તે ઉધારવું. પોતાના ગામમાં ગરીબ; રાંડીરાંડના કે એવી નબળી સ્થિતીના છોકરા હોય તો તેને ભણાંવવાના ખર્ચ સારૂ તે ગામવાળાએ મદદ કરવી.

૧૦૧ તાલુકાને લગતા ગામોમાં જ્યાં નિશાળ ન હોય તેમ કોઈ મદદ આપવા લાયક ન હોય અને કેળવણી ખાતાની રકમ નકામી પડતર હોય તો તેના તાલુકામાં તે રકમ મદદ વાસ્તે મોકલવી.

૧૦૨ તાલુકાના મુખ્ય ગૃહસ્થોને કેળવણી ફંડની વ્યવસ્થા કરવાના મેમ્બર ગણવા.

૧૦૩ કેળવણી ફંડમાં મદદ વાસ્તે તાલુકાના મેમ્બરો તરફ પેટા ગામવાળા તરફથી જે રકમ આવે તેની પહોંચ તે ગામવાળાને આપવી.

૧૦૪ ગામના મહાજનના મુખ્ય ગ્રહસ્થોએ

નિશાળમાં પોતાની જ્ઞાતિના ભણનાર બાળકની પરીક્ષા લેઈ કેળવણી ફંડખાતામાંથી વખતોવખત ઈનામ આપતા રહેવું કે જેથી ભણનારને હોંશ વધે.

૧૦૫ આ ધારામાં જે જે કલમને માટે દંડ ઠરાવેલ છે તે દંડ વસુલ થવાથી કેળવણી ફંડ ખાતામાં જમે કરવો.

૧૦૬ આપણી જ્ઞાતિનો ધારો બાંધવા સારૂ બગસરા વાસી શેઠ રામજીભાઇ કહાનજી તથા કામદાર મુળચંદ હરિભાઇએ આગળઉપર કોઈપણ ગૃહસ્થે કોઈ વખત નહિ કરેલું તેવું મહાભારત કામ પોતાના ખાનગી ખરચથી એ કામ કરવા દેશાવરના મહાજનને આમંત્રણ કરી વખાણવા લાયક આગેવાની કરી નાતના હિતાર્થે તનમન ધનથી મહેનત કરી તે બાબત તમામ મહાજન તેઓને ઘણી ઘણી સાબાંશી સાથે માન આપી તેઓના આ માંગલીક કામની આગેવાની બદલ અતિ માન સાથે નીચે પ્રમાણે ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો છે,

ઉપરની કલમોમાં દંડ લખેલો છે તે દંડ ઉ- પરાંત કોઈ કલમથી વીરૂધ ચાલનારનો યોગ્ય વીચારથી યોગ્ય દંડ લેવા મહા- જન મુખત્યાર છે અને જેમાં દંડ લખે- લો નથી તેને માટે યોગ્ય દંડ મહાજન- ને લેવાને પણ છુટ છે.

દેશાવરમાં આપણી જ્ઞાતિમાં કોઈપણ ઠેકાણે લાણું બીડું થાય તો શેઠ રામજીભાઈ કહાનજી તથા કામદાર મુળચંદ હરિભાઈ એ દરેક ગ્રહસ્થનું એકેક જુદું, જુદું લાણું આપવું.

ગામ તળ બગસરામાં લાણું બીડું થાય તો પ્રથમ તે બને ગ્રહસ્થને ઘેરથી લાણા બીડાની શરૂઆત કરતાં દરેક ગૃહસ્થને ઘેર બબે લાણાં આપવાં.

શ્રી બગસરા.

શા. ભાણજી પ્રેમજી સહી	માં. રવજી રૂપસી સહી
દા. રામજી કાનજી.	દા. ત્રીભોવન

કામદાર. હરિભાઈ લવજી સહી દા. મુળચંદ હરિભાઈ.
કામદાર દેવજી કલ્યાણજીની સહી.
માં. જેઠા નાગજી સહી દા. મૂળચંદ જેઠા.
માં. ગણેશ કમલસી સહી દા. જાદવજી ગણેસ.
રૂપાણી લાલા માવજી સહી દા. કલ્યાણજી.

માં. ઝીણા વેલજી સહી દા. બહેચર ઝીણા.
પારેખ મૂળચંદ ભાણજી સહી દા. તલસી મૂળચંદ.
માં. નાગજી ભીમજી સહી દા. પોતે.
,, જાદવજી કલ્યાણ સહી દા. હરચંદ.
,, માધવજી લીલાધર સહી દા. પોતે.
,, કાના જાદવજી સહી દા. દેવચંદ જાદવજી.
પારેખ નાગજી દેવચંદ સહી દા. પોતે.
,, કાના દેવચંદ સહી દા. પોતે.
,, કરશન દેવચંદ સહી દા. નાગજી.
માં. હેમચંદ રવજી સહી દા. પોતે.
,, રતનસી કહાનજી સહી દા. ગોવીંદજી રતનસી.
રવાણી રૂપા માવજી દા. રૂપા.
ખોડા ડાહ્યા કુમળશાણ દા. પોપટ ખોડા.
કામદાર પુરૂષોત્તમ ભાણજી સહી દા. ગોવરધન પુરૂષોત્તમ
ઓધા બાલા સહી દા. ભાભા ઓધા.
શેઠ નારણ સવજી દા. વીરજી નારણ.
કામદાર નથુ સંઘજી સહી દા. પોતે.
શેઠ મીઠા સવજી સહી દા. કાળા.
રવાણી કલ્યાણ.
માણેકચંદ જાદવજી સહી દા. પોતે.

શ્રી બાબરા.

કામદાર વીરજી થાવજી સહી દા. દુલભજી વશરામ.
,, કુંવરજી ચાંપસી સહી દા. મોતીચંદ કુંવરજી.
,, હેમરાજ શામજી સહી દા. પ્રેમચંદ જયચંદ.
પારેખ ભાઈજી પુરષોત્તમ સહી દા. ગોવા ભાઈજી.
દોસી મૂળજી ભીમજી સહી દા. પોતે.
,, વિઠલ વીરજી સહી દા. પ્રેમચંદ જયચંદ તેના કહેવાથી

મેતા પ્રેમચંદ દેવરાજ સહી દા. નથુ નાનજી.
,, મોતીચંદ હરજી સહી દા. પોતે.
,, નાનજી ચાંપસી સહી દા. કાળા ગોરધન.
,, રતનસી મૂળચંદ સહી દા. પોતે.

શ્રી કોટડા પીડા.

કામદાર હરખજી શાંમજી સહી દા. કાળીદાસ હરખજી.
માજન ભીમજી વીરજી સહી દા. પોતે.
માં. સુંદરજી ધનજી સહી દા. પોતે.
,, દેવકરણ મેઘજી સહી દા. પોતે.
,, વલ્લભજી દેવા સહી દા. પોતે.

શ્રી ખીલોરી

જેઠા હંસરાજ સહી દા. પુરૂષોત્તમ
હેમા જીવરાજ સહી દા. મોરારજી જીવા.
કાળા રાઘવજી સહી દા. રગનાથ કાળા.
શા. જીવન હંસરાજ સહી દા. જુરા ધરમસી.

શ્રી મોટા દડવા.

શા. પુરૂષોત્તમ નાનજી સહી દા. પોતે.
,, ગોવીંદજી કુરજી સહી દા. પોતે.
,, હીરજી ઠાકરસી સહી દા. પોતે.
,, હંસરાજ નારણ સહી દા. મોરારજી ઠાકરશીના કહેવાથી.
,, દામોદર વેલજી દા. પોતે.
,, ત્રીભોવન કાળા સહી દા. પોતે.

શ્રી સરંભડા.

ઠ. જાદવજી કાળા સહી દા. હરિભાઈ કહાનજી.
ઠ. કાનજી કાળા સહી દા. હરિભાઈ કહાનજી.

મેતા ત્રીકમ આણંદજી સહી દા. પોતે.
,, આણંદજી હેમરાજ સહી દા. ત્રીકમ આણંદજી.
,, મોતીચંદ જગા સહી દા. ત્રીકમ આણંદજી.
,, વાલજી કલ્યાણ સહી દા. પોતે.

શ્રી ભાવજીઅવા.

મેતા રાવજી મેઘજી સહી. દા. પોતે.

શ્રી જુનાગઢ

પાનાચંદ મેઘજી સહી દા. ચતુર્ભુજ વહાલજી પાનાચંદ-
ના કહ્યાથી.
શેઠ. અચળ વહાલજી સહી દા. ચતુર્ભુજ વહાલજી.
મૂળજી વશરામ સહી દા. ચતુર્ભુજ હંસરાજ.

શ્રી ભાયાવદર.

શેઠ. રવજી કહાનજી સહી દા. પોતે.
,, પુરૂષોત્તમ પુંજાણી દા. કેસવજી વહાલજી.
લક્ષમીચંદ નેણશી દા. જુઠા સુંદરજી સહી.
બોઘા ધરમસી સહી દા. ગોપાલજી બોઘા.
આણંદજી શામજી સહી દા. પોતે.
રાઘવજી ભીમજી સહી દા. પોતે.
કાળીદાસ બોઘા સહી દા. પોતે.
ઉકા માવજી સહી દા. પોતે.

શ્રી ઉપલેટા.

ત્રીભોવન મહાવજી સહી દા. પોતે.
મોતીચંદ કેસવજી સહી દા. પોતે.
ઉકા પનજી સહી દા. પોતે.
હરજીવન ઉકા સહી દા. પોતે.

શ્રી વીશાવદર.

માં. વહાલજી રાઘવજી સહી દા. પોતે.

,, નરશી ધનજી સહી દા. પોતે.
,, હીરાચંદ કહાનજી સહી દા. પોતે.
,, બેચર લખમીચંદ સહી દા. પોતે.
,, બેચર ગોપાળજી સહી દા. પોતે.
,, નથુ દેવકરણ સહી દા. પોતે.

શ્રી ગોંડળ.

માં. લાલજી ગોપાળજી સહી દા, હરખચંદ લાલજી.
શેઠ જાદવજી તથા જસરાજ વલ્લભજી સહી દા. જાદવજી.
પારેખ કડવા જસરાજ સહી દા, ~~ધનજી~~લાલજી તેના કહેવાથી

શ્રી રામોદ.

મેતા બાવા મોરારજી સહી દા. હરખચંદ બાવા.
,, વીરજી વેલજી સહી દા. પોતે.
,, ભીમજી ભગવાનજી સહી દા. પોતે.
,, લખમીચંદ જીવરાજ સહી દા. પોતે.
,, મીઠા વેલજી સહી દા. પોતે.

શ્રી રાજપરૂં.

માં. રવજી જેઠા, સહી દા. ત્રીકમજી રવજી.
,, હીરજી ઓધવજી સહી દા. પુરૂષોત્તમ હીરજી.
,, કલ્યાણજી હંસરાજ સહી દા. કાળા કલ્યાણજી.
,, મકનજી કાનજી સહી દા. બેચર મકનજી.
,, હીરા ગગજી સહી દા. બીજા હીરા.
,, હરિ નથુ સહી દા. પોતે.

શ્રી જેતપુર.

પારેખ હેમરાજ અમરચંદ સહી દા. ભવાન હેમરાજ.
માં. જાદવજી વીરજી સહી દા. પોતે.
,, જીવરાજ અમરશી સહી દા. પોતે.

શ્રી મોટી કુંકાવાવ.

માં. હંસરાજ ભાનજી સહી દા. દામોદર હંસરાજ.
,, ગોવરધન પ્રેમજી સહી દા. દામોદર હંસરાજ.
,, પ્રેમચંદ દેવજી સહી દા. અમરચંદ.
શા. જીવા હંસરાજ સહી દા. સુંદરજી જીવા.

શ્રી વાવડી.

મેતા ગોવરધન ત્રીકમ સહી દા. નારણ ગોવરધન.
,, કાળા ત્રીકમ સહી દા. પોતે.

શ્રી વીંસાવદ.

મેતા નારણ દેવરાજ સહી દા. પોતે
,, ગોવિંદજી પુરૂષોત્તમ સહી દા. પોતે.
,, પુંજા રૂપશી સહી દા. પોતે.
,, નારણજી ભીમજી સહી દા. પોતે.

શ્રી અમરેલી.

મેતા ત્રીભોવન દેવસી સહી દા. પોતે.
,, મીઠા ગોપાળજી સહી દા. પોતે.
,, ખીમજી ઓધવજી સહી દા. સોની. મીઠાજી ગોપાળજી
,, માલજી વશરામ સહી દા. મેતા મીઠા ગોપાળજી.

શ્રી હાલરીયું.

માં. ભવાન અમરશી સહી દા. જીવન ભવાન.
,, જીવન રેવજી સહી દા. પોતે.
,, પુરૂષોત્તમ વેલજી સહી દા. ત્રીભોવન પુરૂષોત્તમ.
,, કાનજી માધવજી સહી દા. રાઘવજી કહાનજી.

શ્રી મોણવેલ.

શેઠ પુરૂષોત્તમ જીવા સહી દા. કહાનજી પુરૂષોત્તમ.

શ્રી મેંદરડા.

માં. નારણજી મેઘજી સહી દા. કરશનજી નારણજી.
,, જાદવજી દામજી સહી. દા. પોતે.
,, નેણશી લીલાધર સહી દા. જાદવજી દામોદર.

શ્રી ધંધુસર.

માં. કચરા દેવચંદ સહી દા. પોતે.
,, દયાળ અંદરજી સહી દા. લખમીચંદ ગોવિંદજી.
,, લખમીચંદ ગોવિંદજી સહી દા. પોતે.

શ્રી શેરગઢ.

શેઠ જેચંદ રાજપાળ સહી દા. માણેકચંદ વહાલજી.

શ્રી ખોરાસુ.

શેઠ મોનજી દેવશી સહી દા. લખમીચંદ કલ્યાણજી.
,, આણંદજી હીરજી સહી દા. લખમીચંદ કલ્યાણજી.
,, લખમીચંદ કલ્યાણજી સહી દા પોતે.

શ્રી વંથલી.

માં. રામજી નાનજી સહી દા. ઝવેરચંદ.

શ્રી લુંધીયું.

માં. અમરશી સાધા સહી.
,, શામજી સહી.

શ્રી કાંકજ.

મેતા ચાંપશી રામજી સહી દા. ઠાકરશી ચાંપશી.
,, લીલાધર ત્રીકમજી.
,, રતનશી કરશન સહી દા. લીલાધર.
,, કેશવજી ખીમજી સહી દા. પોતે.

શ્રી માંડવડા.

રગનાથ મૂળજી સહી દા. સવજી રગનાથ.

શ્રી કેરાળા.

મોરારજી પ્રેમજી સહી દા. પોતે.

શ્રી ધારી.

માણેકચંદ હીરા સહી દા. પોતે.
માધવજી લવજી સહી દા. પોતે.
માણેકચંદ નાનજી સહી દા. પોતે.
કાળા પ્રેમજી સહી દા. માધવજી.
રામજી જાદવજી સહી દા. માધવજી.

શ્રી જામકા.

મેતા ગાંગજી માધવજી સહી દા. પોતે.

શ્રી સરદારપર.

શાં. મૂળજી ચાંપશી સહી દા. પોતે.
,, નાનજી ચાંપસી સહી દા. મૂળજી ચાપસી.
,, પુરશોતમ પુંજા સહી દા. પોતે.

શ્રી ફોરબંદર.

પારેખ દેવજી વહાલજી સહી દા. જાદવજી દેવજી.

શ્રી મહુવા.

મેતા ઝવેર નાગજી સહી દા. નારણ ઝવેર.
,, ત્રીકમજી વીરજી સહી દા. મૂળચંદ ત્રીકમ.
,, નરશી કીકા સહી દા. ત્રીભોવન નરશી.
,, જેઠા ઓધવજી સહી.

શ્રી ભાવનગર.

શા. હીરજી ઝીણા સહી દા. જેચંદ હીરજી.

,, ગોકળ અવચળ સહી દા. નાનજી ગોકળ.

,, મોતીચંદ ધનજી સહી દા. પોતે.

શ્રી વાવણીયું.

મેતા કાનજી વીરજી સહી દા. લાલજી ગોવિંદજી.

,, દામોદર બાવા સહી દા. પોતે.

શ્રી વદીયું.

મેતા ખીમા મૂળજી સહી દા. પ્રાગજી ધનજી.

,, પ્રાગજી ધનજી સહી દા. પોતે.

,, જસરાજ માધવજી સહી દા. પોતે,

શ્રી ધરાઇ.

રૂપા મેઘજી સહી દા. નાગજી રૂપા.

શ્રી મુઝીયાસર.

માં. કરશનજી રામજી સહી દા. પોતે.

,, કાળા ડાહ્યા સહી દા. પાનાચંદ કાળા.

શ્રી તોરી.

વેલા મોનજી સહી દા. પોતે.

શ્રી બાંભણીયું.

માં. મોતીચંદ કમળશી સહી દા. મુળજી કરશનજી.

,, મૂળજી કરશનજી સહી દા. પોતે.

,, જગજીવન ખીમજી સહી દા. પોતે.

શ્રી જસદણ.

શા. વીરજી લવજી સહી દા. પોતે.

શ્રી તળીયાધર.

રામજી નાગજી સહી દા. પોતે.

વીરજી દેવકરણજી સહી દા. પોતે.

શ્રી ઉંટવડ.

ધરૂ હીરજી મૂળજી સહી દા. પોતે.
,, મૂળજી કે[illegible]વજી સહી દા. પોતે.
નારણ વશરામ સહી દા. હીરજી.
કેશવજી કડવા સહી દા. [illegible]રજી.

શ્રી ઝુંડાળા.

મેતા પ્રાગજી કેશવજી સહી દા. રતનશી પ્રાગજી.
,, લાધા તેજા સહી દા. રતનશી પ્રાગજી.

શ્રી [illegible]ભાળી.

મેતા કાળીદાસ કહાનજી સહી દા. પોતે.

શ્રી ખંભાલીયા.

મેતા વ્રજ[illegible]ળ ઠાકરશી સહી દા. પોતે.

શ્રી જેતલસર.

કલ્યાણજી માલજી સહી દા. હરજીવન કલ્યાણજી.

ધારાનું કદ મોટું થઈ જાય સબબ ઉપર લખ્યા ગામ સિવાય ઘણા ગામો આમાં દાખલ થઈ શક્યા નથી.

જેજે ગૃહસ્થોએ દેશાણરના મહાજનને ખર્ચ આપી ગામમાં થાળીનાં લાણા કર્યાં તેની યાદી.

ગૃહસ્થનાં નામ.		ગામનાં નામ.
માં. દેવા રતનશીએ. દેશાવરના મહાજનને ખર્ચ આપ્યું.		માવજીંઝવા
,, ગણેશ કમલશી	,,	બગસરા.
,, જેઠાનાગજી	,,	,,
,, લાલા માવજી	,,	,,

,,	ભવાન અમરશી અને માણેકચંદ હીરાએ દેશાવરના મહાજન અને ગામમાં પાઘડી બંધ ખર્ચ આપ્યું.	હાજરીયા ધારી.
,,	કાળા વસ્તાએ દેશાવરના મહાજનને ખર્ચ અને ગામમાં થાળીનું લાણું કર્યું.	સરંભડા.
,,	આંબા રામજીએ દેશાવરના મહાજનને ખર્ચ આપ્યું.	ખીલોરી.
,,	દોશી સંઘજી લાલજીએ દેશાવરના મહાજનને ખર્ચ અને ગામમાં થાળીનું લાણું કર્યું.	પાંધરગઢ.
,,	ત્રીભોવન ડાહ્યાભાઇએ દેશાવરના મહાજનને ખર્ચ આપ્યું.	બગસરા.
,,	રઘનાથ મૂળજી અને મોરારજી પ્રેમજીએ ગામમાં થાળીનું લાણું કર્યું.	માંડવડા કેરાળા.

સમાપ્ત.